June 2021

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 19

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

### અનુભવો...

સમીનાએ જયારે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના દાણીલીમડા સેન્ટરમાં એડમિશન લીધું ત્યારે 10 વર્ષની હતી.તેને Moderate M.R. અને Down syndrome છે. સમીના પોતાના 7 ભાઈ-બહેન અને મમ્મી સાથે રહે છે. તેના પિતાની હયાતી ન હોવાથી આખા ઘરની જવાબદારી મમ્મી અને મોટા ભાઈ-બહેન પર આવી ગઈ હતી. સમીના ઘરમાં સૌથી નાની હોવાથી પરિવારજનોનો ખૂબ પ્રેમ અને હૂંફ મળે.

મારી સ્ટુડન્ટ સમીના જયારે પહેલીવાર સેન્ટર પર આવી ત્યારે અમે લોકોએ તેનું અસેસમેન્ટ કર્યું. અને અમને જાણવા મળ્યું કે તેને બિહેવીયર પ્રોબ્લેમ અને સ્પીચ પ્રોબ્લેમ છે. બીજા લોકોને હાનિ પહોંચાડવી, લાફો મારી દેવો, બહાર જતા રહેવું જેવા પ્રોબ્લેમથી તે પીડાતી હતી. કોઈ એક જગ્યાએ બેસી ગયા પછી તેને ત્યાંથી ઉભી કરવામાં અમને ઘણી મુશ્કેલી પડતી. ધીમે-ધીમે તેની સાથે કામગીરી શરુ કરાઈ. પહેલા તો તે પ્રવૃત્તિમાં સહકાર ન આપતી પછી ધીમે-ધીમે અન્ય બાળકોને જોઈએ અને તેમની સાથે બેસીને પ્રવૃત્તિ કરતી થઇ. મને તે સમયનો એક અનુભવ યાદ છે, સમીનાને ક્લાસમાં બીજા બાળકો સાથે બેસાડીને બીડ અને મોતી પરોવવાની પ્રવૃત્તિ આપી હતી. તે સમયે બાળકનો મુડ સારો ન હોવાના કારણે તે બીજા બાળકોને ધક્કો મારવા લાગી. તેનું આવું વર્તન જોઈને મેં તેની સાથે પ્રવૃત્તિ કરવાનું બંધ કરી દીધું. અને બીજા બાળકો સાથે પ્રવૃત્તિ સતત ચાલુ રાખી. થોડા સમય પછી સમીના મારી પાસે આવી અને કહે "ટીચર મુજે ભી યે કરના હૈ". તે સમયે મેં તેને સમજાવ્યું કે આ રીતે કોઈને મારવાનું કે હાનિ પહોંચાડવાની નહિ. નહીંતર હું તારી કોઈ પ્રવૃત્તિ નહિ કરું. તે સમયે બાળકે મને કહ્યું " અબ કભી ઐસા નહિ કરુંગી." ત્યાર પછી ધીમે-ધીમે તેને સમજવતાં બાળકમાં બિહેવીયર પ્રોબ્લેમ ઓછો થવા લાગ્યો. સમીના દરેક કાર્યમાં શિક્ષકને મદદ કરવા લાગી. નાના બાળકોને સાચવીને ક્લાસમાં બેસાડવાથી માંડીને તેમને પાણી પીવડાવા સુધીના કાર્યમાં સહાય કરતી. પોતે કરેલા કાર્ય શિક્ષકને અને ક્લાસની બીજી છોકરીઓને પણ બતાવતી. સમીનાને ડાન્સનો શોખ હોવાથી તહેવાર હોય કે બર્થડેની ઉજવણી હોય તેમાં તે ક્લાસના બીજા બાળકો સાથે ડાન્સ કરી ખુશ થતી.

તેને સેન્ટર પર આવવું ખૂબ ગમવા લાગ્યું હતું. પરંતુ કોરોનકાળમાં સેન્ટર બંધ થઇ જતા તે મમ્મીને પૂછતી રહેતી કે સ્કૂલે ક્યારે જવાનું?. તે ઓનલાઇન ક્લાસમાં શિક્ષકને જોઈને ખુશ થઇ જતી અને તેની અન્ય બહેનપણીઓને યાદ કરતી. હાલના સમયમાં સમીના જયારે પોતાના બધા કામ જાતે કરતી થઇ ગઈ છે, ત્યારે તેની મમ્મી અને પરિવારજનો તે જોઈને ખૂબ ખુશ છે. સમીનામાં આવેલ પરિવર્તનોથી સંસ્થાના અન્ય શિક્ષકો અને હું આનંદની અનુભૂતિ કરીએ છીએ!

By: - Laxmi Vishwkarma
Special Educator





લીડર સ્ટોરી

આ વખતે વાત કરીએ પ્રભાતના બાળકોના રીક્ષાવાળાભાઈ મુખ્તિયારભાઈની. કે જેઓ પોતે પોતાના પરિવાર સાથે વટવા વિસ્તારમાં રહે છે. તેઓ સ્કૂલરીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. મુખ્તિયારભાઈ 5 વર્ષથી પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે જોડાયેલા છે. તેઓ સંસ્થાના બાળકોને ઘરેથી સ્કૂલ સુધી પોતાની જવાબદારીથી પહોંચાડવાનું કાર્ય કરે છે. તમે જાણતા હશો એ રીતે સંસ્થાના બાળકો એટલે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો. આવા બાળકોને પોતાની રિક્ષામાં લઈને આવવું તે થોડું મુશ્કેલીભર્યું છે. તેના માટે સંસ્થા તરફથી તેમને ખાસ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવી. આ ટ્રેનિંગમાં તે બાળકો સાથે કઈ રીતે વાત કરવી?, કઈ રીતે તેઓને રીક્ષામાં બેસાડવા?, કઈ રીતે તેમને ઉચકવા?, તેઓને શુ ગમશે? જેવા ટોપીક પર તેમને શીખડાવવામાં આવ્યું. તેની સાથો-સાથ સંસ્થા દ્વારા કરવામાં આવતી દરેક પ્રવૃત્તિમાં તેમનો ફાળો હંમેશા હોય જ. તેમના માટે એવું કહી શકાય કે તેઓ સંસ્થાના એક મેમ્બર જેવા જ બની ગયા છે. મુખ્તિયારભાઈ પોતાના વિસ્તારમાં રહેતા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને પ્રભાત સંસ્થા અને તેની કામગીરીની માહિતી આપી સંસ્થામાં મોકલી આપે છે. સંસ્થા દ્વારા તેમના બાળકોને સરકારી સ્કીમના લાભ તથા અન્ય જરિયાતો પહોંચાડવામાં આવે છે. કોરોનાના સમયમાં તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવા છતાં પણ તેઓ સંસ્થાની સાથે હંમેશા ઉભા રહ્યા છે. સંસ્થા દ્વારા કોમ્યુનિટીમાં કરવામાં આવતા રિલીફકાર્ય(રાહતકાર્ય)માં તેઓએ મદદ કરી છે. મુખ્તિયારભાઈ ખરેખર એક સહાયક કોમ્યુનિટી લીડર તરીકેની સંસ્થામાં ફરજ બજાવે છે. મુખ્તિયારભાઈ જેવા રીક્ષાવાળાભાઈ સંસ્થાના બાળકો માટે બીજા કોઈ હોઈ જ ના શકે આપણે એવું કહીએ તો જરાપણ ખોટું નથી. તેમના સાથ-સહકારથી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને મળતી વિવિધ સરકારી સહાયના લાભ અંગે અવેરનેસ વધારવાનું કાર્ય પ્રસનીય છે. સંસ્થા હંમેશાથી તેમનો આભાર માને છે.

By: -Kishorbhai Vaghela
Special Educator




મુબારક હો!

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



3rd July, પ્રણવભાઈ





https://www.instagram.com/prabhat_education_foundation/
https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA
https://www.facebook.com/Prabhateducationfoundation/

મંથલી અપડેટ

**સ્કૂલ પ્રોગ્રામ:-** સ્કૂલ પ્રોગ્રામ પ્રભાત એજ્યુ. ફાઉન્ડેશનના ત્રણ પ્રોગ્રામમાનો એક પ્રોગ્રામ છે. જેમાં માઈલ્ડ અને મોડરેટ સ્તરના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જરૂરી ભણતર આપી, યોગ્ય વિકાસ કરીને અને રિહાબિલીટેશન કરાવી મેઈનસ્ટ્રીમ(નોર્મલ) સ્કૂલમાં પ્રવેશ અપાવવામાં આવે છે. સામાન્ય રીતે પ્રભાતના સ્પેશિયલ એજ્યુકેટર નિયમિતપણે આ બાળકોને ભણતર અને થેરાપી પ્રદાન કરતા હોય છે. કોરોના જેવી મહામારીના કારણે દરેક ક્ષેત્રમાં ફટકો આવ્યો છે, તેની અસર સ્કૂલ પ્રોગ્રામમાં પણ જોવા મળી છે. સંસ્થાની ટીમ વિદ્યાર્થીઓ માટે યોગ્ય અભ્યાસક્રમને આધારિત ઓનલાઈન શૈક્ષણિક સામગ્રી(ઓડિયો-વિડીયો) શોધવા માટે સતત કાર્ય કરી રહી છે. તેવા સમયે 'પ્રથમ સંસ્થા'ના “કોરોના થોડી મસ્તી, થોડી પઢાઈ” પ્રોગ્રામના વિડીયો સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામના વિધાર્થીઓ સાથે શેર કરીને તેઓના શૈક્ષણિક કાર્યને ચાલુ રાખ્યું હતું. આવા શૈક્ષણિક મટીરીયલ બાળકોની સાથે શેર કરવાથી તેમના ભાઈ-બહેન અને આજુબાજુ પાડોશીના અન્ય બાળકોને પણ મદદ મળી રહી છે. જેનાથી જયારે બાળકોનું નવું સત્ર શરુ થાય ત્યારે આ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને તેમના ભાઈ-બહેન ફરીથી અભ્યાસમાં જોડાઈ શકે. તેની સાથે બાળકો હાલના સમયમાં પણ ઘરે લર્નિંગ કરતા રહે અને તેમના વિકાસમાં ક્યાંય અવરોધ ન આવે. આ ઓનલાઈન શૈક્ષણિક મટીરીયલનો હકારાત્મક પ્રભાવ પડ્યો છે. આ મહિનામાં બાળકોને પોતાના શરીરના ભાગો પર શિક્ષણ આપવામાં આવ્યું. આ વિષયની સાથે બાળકોને સેલ્ફ-સેફ્ટી અને ગુડ ટચ-બેડ ટચ અંગે પણ શિક્ષણ આપવામાં આવ્યું હતું.આ એક એવો સંસ્થા માટે ચિંતાજનક વિષય રહ્યો છે, કારણ કે સંસ્થા જે સેવા આપે છે તે બાળકો/વ્યક્તિઓમાં વિકલાંગતાના સ્તર અને તીવ્રતાને કારણે છેલ્લા કેટલાક વર્ષોથી બળાત્કાર અને શારીરિક ત્રાસના કિસ્સાના અહેવાલો નોંધાયા છે. સંસ્થાનો હેતુ હંમેશાથી આ વિષય પર અવેરનેસ વધારવાનો રહ્યો છે.

**અભ્યાસ અને સંશોધન:-** મેઈનસ્ટ્રીમ બાળકો પર કોરોના મહામારીના પ્રભાવને સમજવા માટે સંસ્થાની ટીમ દ્વારા બાળકોની શૈક્ષણિક પ્રગતિની સાથે તેમના પરિવારજનોની માનસિક, આર્થિક અને સામાજિક સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. તે મૂલ્યાંકન સંસ્થાને સમુદાયની પ્રાથમિક જરૂરિયાત સમજવામાં મદદ કરશે. કોરોનાના પહેલા તબક્કા દરમ્યાન તૈયાર કરેલ રીપોર્ટથી સમુદાયની ઘણીખરી જરૂરિયાતો સુધી સંસ્થા પહોંચી શકી છે, અને તેઓને દરેક પ્રકારના લાભ આપવામાં સક્ષમ રહી છે. તેની સાથોસાથ સંસ્થાને જણાવતા આનંદ થાય છે કે આવા 10 પરિવારો સંસ્થાના સાથ-સહકારથી કોરોનાની બીજી લહેરમાં પડકારોને સ્વીકારવામાં સક્ષમ રહ્યા હતા.

**ડોનેશન વિતરણ:-** સંસ્થાના શુભેચ્છકો અને દાતાઓના પ્રેમ તથા સાથ-સહકારથી આ મહિને સંસ્થા કોમ્યુનિટીમાં ડોનેશન વિતરણમાં સફળ રહી છે. ખાસ કરીને તેમાં સ્પીચ થેરાપી માટેની સામગ્રીનો સમાવેશ થાય છે. આવી સ્પીચ થેરાપી માટેની સામગ્રી બાળકોના ઓનલાઈન થેરાપી સેશનને સરળ અને અસરકારક બનાવે છે. આ ઉપરાંત ડોનેશનમાં કપડાં, રમકડાં, બુક્સ અને સ્માર્ટફોન જેવી વસ્તુઓના વિતરણ પણ કરવામાં આવ્યા છે.

**સાધન-સહાયક સેવાઓ:-** પ્રભાતના ટીમ મેમ્બર્સ કોરોના મહામારી દરમ્યાન સમુદાયનીકેટલીકપરિસ્થિતિઓનેસરળ બનાવવા માટે સતત પ્રયાસ કરતા રહ્યા છે. પ્રભાત જે લોકોની સેવા કરે છે તે મોટાભાગના લોકો આર્થિક રીતે સંઘર્ષ કરી રહ્યા છે અને તેઓના કામ-ધંધા જતા રહ્યા છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને દર મહિને સરકારી સાધન-સહાય સેવાઓ, સબસીડીના દર, પેન્શન યોજનાઓ, પરિવહન પાસ વગેરે જેવી રાહત પૂરી પાડે છે. તે ઉપરાંત આ મહિને કેન્દ્ર સરકારની ઘોષણા દ્વારા પ્રભાતના સમુદાય માટે સારા સમાચાર છે. ૮૦% વિકલાંગતા ધરાવતા બાળકો/વ્યક્તિઓની જગ્યાએ હવે ૭૫% વિકલાંગતા ધરાવતા બાળકો/વ્યક્તિઓ વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ લઈ શકશે.

| | |
|---|---|
| S.T. Pass | 23 |
| U.D.I.D Card | 08 |
| Aids & Appliances | 33 |
| Hearing Aids | 05 |
| Ration Card | 08 |
| Food Kit | 28 |




સરકારી યોજનાઓ માટેનું એસેસમેન્ટ



અનાજકીટનું વિતરણ



ઓનલાઈન લર્નિંગ




ડોનેશન વિતરણ




હીયરીંગ એઈડ વિતરણ




સ્પીચ-થેરાપી મટીરીયલ વિતરણ

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT
EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org